Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX, NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
BALBIR AM/NS INDIA JSW MONNET JINDAL STEEL & POWER

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

Make Safety Your Top Priority
Application for KSB Make Fire Fighting Pumps
Industries & Factories
Commercial & Residential Buildings
Hospitals, Hotels, Malls, Schools & Colleges
Pooja Agencies
'POOJA HOUSE' 2/860, RING ROAD, OPP. SUB-JAIL, SURAT-395002. GUJARAT
Phone :-+91-261-2313450/2328450
E-mail: Surat @poojagroup.com

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ચૈત્ર પુનમ ગુરુવાર ૨ એપ્રિલ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૩૫

પાનાં ૧૨+૪ કિંમત ₹ ૫.૦૦

# રાજ્યમાં 26 એપ્રિલે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી

**તા.6ઠ્ઠી** એપ્રિલે જાહેરનામું, 11મી સુધી ફોર્મ ભરી શકાશે, 26મીએ મતદાન, 28મીએ મતગણતરી થશે

**15 મનપા,** 84 નગરપાલિકા, 34 જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયતની ચૂંટણી જાહેર

ગાંધીનગરઃ રાજ્યમાં લાંબા સમયથી જેની રાહ જોવાતી હતી તે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના કાર્યક્રમની આજે રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. રાજ્ય ચૂંટણી કમિશનર ડૉ. એસ. મુરલી ક્રિશ્નાએ ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદ યોજીને જણાવ્યું હતું કે, ગુજરાતની ૧૫ મહાનગરપાલિકા, ૮૪ નગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયતો માટે ૨૬ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ મતદાન યોજાશે. આ જાહેરાતની સાથે જ સમગ્ર રાજ્યમાં આદર્શ આચારસંહિતા અમલી બની ગઈ છે.

આ ચૂંટણીમાં કુલ ૪.૪૦ કરોડ મતદારોમાં ૨.૧૭ કરોડ પુરુષ અને ૨.૦૨ કરોડ મહિલા મતદારોનો સમાવેશ થાય છે. આ વખતે ચૂંટણી 27 ટકા OBC અનામત સાથે યોજાઈ રહી છે. રાજ્યમાં નોંધાયેલા કુલ 4.40 કરોડ મતદારોમાંથી મનપા વિસ્તારમાં 1.10 કરોડ અને નગરપાલિકામાં 33 લાખ મતદારો છે. પંચે કુલ 49,591 મતદાન મથકો નક્કી કર્યા છે, જેમાં એક મથક દીઠ સરેરાશ 1200 મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે.

### મહત્વના આંકડા અને વિગતો

**કુલ સ્થાનિક સંસ્થાઓ :** ૩૯૩ (જેમાં ૯ નવી રચાયેલી મહાનગરપાલિકાઓનો પણ સમાવેશ થાય છે).
- **કુલ બેઠકોઃ** ૯,૯૯૨ બેઠકો માટે ૭,૨૪૧ મતદાર મંડળો.
- મતદાન મથકોઃ કુલ ૪૯,૫૯૧ મતદાન મથકો, જેમાંથી ૧૧,૦૦૦ સંવેદનશીલ અને ૩,૩૦૦ અતિ સંવેદનશીલ જાહેર કરાયા છે.
- **ચૂંટણી સ્ટાફઃ** ૨.૬૧ લાખ પોલિંગ સ્ટાફ અને ૯૯૬ ચૂંટણી અધિકારીઓ ફરજ બજાવશે.

### ચૂંટણી કાર્યક્રમની વિગતો

- જાહેરનામું પ્રસિદ્ધ થશે : ૦૬ એપ્રિલ ૨૦૨૬
- ઉમેદવારી ફોર્મ ભરવાની છેલ્લી તારીખ : ૧૧ એપ્રિલ ૨૦૨૬
- ઉમેદવારી પત્રોની ચકાસણી : ૧૩ એપ્રિલ ૨૦૨૬
- ફોર્મ ખેંચવાની છેલ્લી તારીખ : ૧૫ એપ્રિલ ૨૦૨૬
- મતદાનની તારીખ : ૨૬ એપ્રિલ ૨૦૨૬ (સવારે ૭:૦૦ થી સાંજે ૬:૦૦)
- મતગણતરી અને પરિણામ : ૨૮ એપ્રિલ ૨૦૨૬

### રાજય ચૂંટણી આયોગ દ્વારા ગાંધીનગર અને જૂનાગઢ અપવાદ

ગાંધીનગર મનપાની ચૂંટણી ઓક્ટોબર ૨૦૨૬માં યોજાશે, જ્યારે જૂનાગઢની ચૂંટણી હાલ પૂરતી મોકૂફ રાખવામાં આવી છે.આ ઉપરાંત આ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ૨૭% OBC અનામતના નવા નિયમો સાથે યોજાનારી પ્રથમ મોટી ચૂંટણી છે. મતદાન EVM દ્વારા થશે. શહેરી વિસ્તારોમાં મલ્ટી-ચોઇસ અને ગ્રામીણ વિસ્તારોમાં સિંગલ-ચોઇસ EVM વપરાશે.

### ભાજપે શરૂ કરી સેન્સ પ્રક્રિયા

ચૂંટણીની જાહેરાત થતાની સાથે જ રાજકીય પક્ષો એક્શન મોડમાં આવી ગયા છે. પ્રદેશ ભાજપ દ્વારા આજથી જ 'સેન્સ પ્રક્રિયા' શરૂ કરવામાં આવી છે. નિરીક્ષકો આગામી ચાર દિવસ સુધી જિલ્લા અને મહાનગરોમાં કાર્યકરો પાસેથી સંભવિત ઉમેદવારો અંગે મંતવ્યો લેશે. ત્યારબાદ પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા આખરી ઉમેદવારોના નામ પર મહોર મારવામાં આવશે.નવી મહાનગરપાલિકાઓ અને સીમાંકન ફેરફાર બાદ યોજાતી આ ચૂંટણીને વર્ષ ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી પહેલાની 'સેમીફાઈનલ' તરીકે જોવામાં આવી રહી છે.



■ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે ચૂંટણી પ્રચાર હેઠળના આસામના ડિબ્રુગઢ જિલ્લામાં એક ચાના બગીચાની મુલાકાત લીધી હતી અને મહિલા શ્રમિકો સાથે મળીને ચાના પાંદડા તોડ્યા હતા. મોદીએ ચાને આસામનો આત્મા ગણાવવાની સાથે એસ્ટેટની તેમની આ મુલાકાતને યાદગાર અનુભવ ગણાવ્યો હતો વડાપ્રધાને તે મહિલા શ્રમિકો સાથે પણ વાતચીત કરી હતી જેમણે તેમને ચાના પાંદડા કેવી રીતે તોડવા તે શીખવામાં મદદ કરી હતી. તેમણે તેમની મુલાકાતના ફોટા અને વીડિયો પણ શેર કર્યા હતા. વડાપ્રધાન 19 મહિલા શ્રમિકો સાથે ચાલતા અને શ્રમિકો દ્વારા શીખવ્યા મુજબ ચાના પાંદડા તોડતા જોવા મળ્યા હતા. તેમણે મહિલાઓને એમ પણ પૂછ્યું કે શું તેમના બાળકો અભ્યાસ કરી રહ્યા છે, જેના જવાબમાં તેમણે હા પાડી હતી. વડાપ્રધાનના એક પ્રશ્નના જવાબમાં કે શું તેમના બાળકો રમતગમતમાં રસ ધરાવે છે, મહિલા શ્રમિકોએ જણાવ્યું હતું કે તેમના ઘણા બાળકો ફૂટબોલ રમવામાં રસ ધરાવે છે.

## દિલ્હી ડાયરી



### બૂટની સાઇઝ અને દાર્જિલિંગનું રાજકારણ

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી માટે ભાજપે દાર્જિલિંગ ઝોનની ઉમેદવારોની યાદી જાહેર કરી કે તરત જ 'સાઇઝ' (કદ) ફરી ચર્ચામાં આવી ગઈ છે. 2021માં દાર્જિલિંગના ભાજપના સાંસદ રાજુ બિષ્ટાએ ગોરખા જનમુક્તિ મોરચા (જીજેએમ)ના વડા બિમલ ગુરુંગના 'બૂટની સાઇઝ' ખુલ્લી પાડવાની ધમકી આપી હતી, જે દિલ્હીના ગલિયારાઓના રહસ્યો તરફ ઇશારો કરતી હતી. આનાથી દુભાયેલા ગુરુંગે બિષ્ટાએ તેમના જન્મદિવસ પર ભેટમાં આપેલા બૂટની જોડી પાછી આપવાનું વચન આપ્યું હતું. હવે 2026માં આ કહેવતને નવો આધાર મળ્યો છે. ભાજપે કાલીમ્પોંગમાં ગુરુંગની માંગણીઓ મુજબ જીજેએમ નેતાઓ નોમન રાય અને લક્ષ્મણ લિમ્બુ તેમ જ એક તટસ્થ ઉમેદવાર ભરત છેત્રીને મેદાનમાં ઉતાર્યા છે, જેના કારણે સમીકરણો બદલાયા છે. દિલ્હીના એક રાજકીય વિશ્લેષકે ટિપ્પણી કરી કે, ''એવું લાગે છે કે ચાલુ વિધાનસભા ચૂંટણીમાં ગુરુંગે ભાજપને તેની હેસિયત બતાવી દીધી છે. દાર્જિલિંગના રાજકારણમાં એવું લાગે છે કે 'બૂટ' એક મોટી છાપ છોડી શકે છે.''

### ઈંધણની અછતનો વિરોધાભાસ

તાજેતરમાં દિલ્હી પોલીસે યુએસએ-ઈઝરાયેલના ઈરાન પરના હુમલા બાદ પશ્ચિમ એશિયામાં સર્જાયેલા સંઘર્ષને કારણે રસોઈ ગેસની અનુપલબ્ધતા સામે વિરોધ પ્રદર્શન કરી રહેલા યુથ કોંગ્રેસના અસંખ્ય કાર્યકરોની અટકાયત કરી હતી. મજાની

...અનુસંધાન પાના 11 પર

તા. ૦૨-૦૪-૨૦૨૬નું વડોદરા શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- |
| ૩૬.૦° સે. | ૨૪.૨° સે. | ૩૪% |

# જેટ ઈંધણના ભાવમાં બમણો વધારો : સરકારે સ્થાનિક એરલાઈન્સને રાહત આપી

**સ્થાનિક** એરલાઈન્સ માટે જેટ ઈંધણની કિંમત પ્રતિ કિલો લીટર રૂ. 1 લાખથી વધુ જ્યારે વિદેશી એરલાઈન્સ માટે તેની કિંમત રૂ. 2 લાખથી વધુ થઈ

**એલપીજી** અને પેટ્રોલ ડીઝલની કિંમતમાં કોઇ ફેરફાર નહીં, પ્રીમીયમ પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં ક્રમશઃ રૂ. 11 અને 1.50નો વધારો

**નવી દિલ્હી, તા. 01 (PTI):** મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધને કારણે વૈશ્વિક ઉર્જા બજારમાં ઉથલપાથલ સર્જાતા બુધવારના રોજ એરલાઈન ટર્બાઈન ફ્યુઅલ (એટીએફ)ના ભાવમાં મોટો વધારો થયો છે. ઈતિહાસમાં પ્રથમવાર જેટ ફ્યુઅલનો ભાવ પ્રતિ કિલોલીટર રૂપિયા 2 લાખને પાર કરી ગયો છે. જોકે, કેન્દ્ર સરકાર અને સરકારી તેલ કંપનીઓએ સામાન્ય મુસાફરો પર ભાડાનો બોજ ન વધે તે માટે સ્થાનિક એરલાઈન્સને મોટી રાહત આપી છે.

દિલ્હીમાં સ્થાનિક એરલાઈન્સ માટે એટીએફની કિંમતમાં માત્ર 8.5 ટાક એટલે કે રૂપિયા 8,289.04નો વધારો કરવામાં આવ્યો છે, જેનાથી નવો ભાવ પ્રતિ કિલોલીટર રૂપિયા 104,927.18 થયો છે ગયા મહિને તેની કિંમત રૂ. 96,638.14 પ્રતિ લીટર હતી. તેની સરખામણીએ વિદેશી એરલાઈન્સ અને ચાર્ટર વિમાનો માટે ભાવમાં 114.5%નો તોતિંગ વધારો ઝીંકાયો છે, જે હવે પ્રતિ કિલોલીટર રૂપિયા 207,341.22 થયો છે.

નાગરિક ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડુ કિંજરાપુએ આ અભિગમને વ્યવહારુ ગણાવતા કહ્યું કે, આનાથી સ્થાનિક મુસાફરોને ભાડાના આકરા

...અનુસંધાન પાના 11 પર


### ઘરેલુ એરલાઈન્સના ભાડા નહીં વધે

નાગરિક ઉડ્ડયન મંત્રાલયના સંયુક્ત સચિવ આસંગબા ચુબા આવોએ જણાવ્યું કે, જેટ ઈંધણમાં મર્યાદિત વધારાને કારણે એરલાઇન્સની સંચાલન લાગત અંકુશમાં રહેશે, પરિણામે મુસાફરો પર વધારાનો 'ફ્યુઅલ સરચાર્જ' લાદવાની જરૂર નહીં પડે.

### અન્ય દેશોમાં એલપીજીની કિંમતો

પેટ્રોલિયમ મંત્રાલયે નોંધ્યું કે ભારતનો ઘરેલું રસોઈ ગેસનો ભાવ વિશ્વમાં સૌથી ઓછો છે.

**ભારત (દિલ્હી):** રૂપિયા 913
**પાકિસ્તાનઃ** રૂપિયા 1,046
**નેપાળઃ** રૂપિયા 1,208
**શ્રીલંકાઃ** રૂપિયા 1,242



# ઈરાનનો કુવૈત એરપોર્ટ અને કતારના ટેન્કર પર હુમલો

**અમેરિકા** અને ઈઝરાયલે ઈરાનની રાજધાની તેહરાન પર ભીષણ હવાઈ હુમલા ચાલુ રાખ્યા

**ઈરાન** પરમાણુ હથિયાર ન બનાવી શકે તેવી ખાતરી મળે, તો 2-3 અઠવાડિયામાં યુદ્ધ સમાપ્ત થઈ શકેઃ ટ્રમ્પ



**દુબઈ, તા. 1 (AP):** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના રાષ્ટ્રજોગ સંબોધન પહેલા મધ્ય પૂર્વમાં યુદ્ધે ભયાનક સ્વરૂપ ધારણ કર્યું છે. બુધવારે ઈરાને કતારના દરિયાકાંઠે એક ઓઈલ ટેન્કર અને કુવૈત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર હુમલો કર્યો હતો. કુવૈતમાં ડ્રોન હુમલાને કારણે ઈંધણની ટેન્કમાં ભીષણ આગ લાગી હતી, જ્યારે કતાર એનર્જીના ટેન્કર પર ક્રૂઝ મિસાઈલ છોડવામાં આવી હતી. જોકે, કોઈ જાનહાનિના સમાચાર નથી.

બીજી બાજુ, અમેરિકા અને ઈઝરાયલે ઈરાનની રાજધાની તેહરાન પર ભીષણ હવાઈ હુમલા ચાલુ રાખ્યા છે. એક હુમલો તેહરાન સ્થિત ભૂતપૂર્વ અમેરિકી દૂતાવાસ પર થયો હોવાનું મનાય છે, જે હાલ ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડના કબજામાં છે. આ ઉપરાંત, ઈઝરાયલે

...અનુસંધાન પાના 11 પર

# માર્ચમાં GST કલેક્શન 9 ટકા વધીને રૂપિયા 2 લાખ કરોડને પાર

**નાણાકીય** વર્ષ 2025-26માં ત્રીજું સૌથી મોટું કલેક્શન, નાણાકીય વર્ષ 2025-26માં કુલ આવક 8.3% વધીને રૂપિયા 22.27 લાખ કરોડ થઈ

**નવી દિલ્હી, તા. 1 (PTI):** સરકારી આંકડા મુજબ માર્ચ મહિનામાં જીએસટીની આવકમાં અંદાજે 9 ટકાનો વધારો નોંધાયો છે, જે વધીને રૂપિયા 2 લાખ કરોડથી વધુના સ્તરે પહોંચી ગઈ છે.

નાણાકીય વર્ષ 2025-26માં આ ત્રીજું સૌથી વધુ માસિક કલેક્શન છે. આ વધારામાં આયાત તેમજ સ્થાનિક ખરીદ-વેચાણનો મહત્વનો ફાળો રહ્યો છે. માર્ચ મહિનામાં સ્થાનિક આવક 5.9 ટકા વધીને રૂપિયા 1.46 લાખ કરોડથી વધુ થઈ છે, જ્યારે આયાત દ્વારા થતી આવકમાં 17.8 ટકાનો મોટો ઉછાળો જોવા મળ્યો છે જે રૂપિયા 53,861 કરોડ રહી છે. માર્ચ 2025માં કુલ જીએસટી કલેક્શન રૂપિયા 1.83 લાખ કરોડ હતું.

સમગ્ર નાણાકીય વર્ષ 2025-26 (એપ્રિલ-માર્ચ)ની વાત કરીએ તો, કુલ જીએસટી સંગ્રહ વાર્ષિક ધોરણે 8.3 ટકા વધીને રૂપિયા 22.27 લાખ કરોડથી વધુ થયો છે. એપ્રિલ 2025માં

...અનુસંધાન પાના 11 પર

## રાજ્યસભામાં CAPF બિલ પસારઃ વિપક્ષનો વોકઆઉટ

**નવી દિલ્હી, તા. 1 (PTI):** બુધવારે રાજ્યસભામાં વિપક્ષના વોકઆઉટ વચ્ચે 'સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ (જનરલ એડમિનિસ્ટ્રેશન) બિલ-2026' ધ્વનિ મતથી પસાર કરવામાં આવ્યું હતું. આ બિલનો મુખ્ય હેતુ પાંચ સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સના જવાનો માટે અલગ-અલગ સર્વિસ નિયમોને બદલે એક સમાન કાયદાકીય માળખું તૈયાર કરવાનો છે. પાંચ સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સમાં બીએસએફ,

...અનુસંધાન પાના 11 પર

# ઈરાનના રાષ્ટ્રપતિ યુદ્ધવિરામ ઈચ્છે છે : ડોનાલ્ડ ટ્રમ્પનો દાવો

**યુદ્ધવિરામ** ત્યારે જ શક્ય બનશે જ્યારે વ્યૂહાત્મક હોર્મુઝની સામુદ્રધુની સંપૂર્ણપણે મુક્ત અને સુરક્ષિત કરવામાં આવે : ટ્રમ્પ



**દુબઈ, તા. 1 (AP):** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર એક ચોંકાવનારો દાવો કર્યો છે કે 'ઈરાનના નવા શાસનના રાષ્ટ્રપતિ' હવે યુદ્ધવિરામ ઈચ્છે છે. જોકે, ટ્રમ્પના આ દાવા પર ઈરાન તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા કે સમર્થન આવ્યું નથી.

ટ્રમ્પે સ્પષ્ટ કર્યું છે કે યુદ્ધવિરામ ત્યારે જ શક્ય બનશે જ્યારે વ્યૂહાત્મક 'હોર્મુઝની સામુદ્રધુની' સંપૂર્ણપણે મુક્ત અને સુરક્ષિત કરવામાં આવે.

ટ્રમ્પે જણાવ્યું કે તેઓ આગામી 2થી 3 અઠવાડિયામાં યુદ્ધમાંથી ખસી જવા તૈયાર છે, પરંતુ તે માટે ઈરાન પરમાણુ હથિયાર નહીં બનાવે

...અનુસંધાન પાના 11 પર

**નવી પસંદગી પ્રક્રિયામાં વધારે પગાર અને ઉચ્ચ કૌશલ્ય ધરાવતા ઉમેદવારોને પ્રાથમિકતા આપવામાં આવશે**

# નાણાકીય વર્ષ 2027 માટે H-1B વિઝાનો ક્વોટા પૂર્ણ, લોટરી પ્રક્રિયા સંપન્ન

**વોશિંગ્ટન, તા. 1 (PTI):** અમેરિકી નાગરિકત્વ અને ઇમિગ્રેશન સેવાઓ (યુએસસીઆઈએસ)એ જાહેરાત કરી છે કે નાણાકીય વર્ષ 2027 માટે 85,000 એચ-1બી વિઝાનો વાર્ષિક ક્વોટા પૂર્ણ થઈ ગયો છે. એજન્સીએ નિયમિત અને એડવાન્સ્ડ ડિગ્રી બંને કેટેગરી માટે લોટરી દ્વારા પસંદગી પ્રક્રિયા પૂરી કરી લીધી છે અને પસંદ થયેલા અરજદારોને જાણ કરી દેવામાં આવી છે. પસંદ થયેલા લાભાર્થીઓ માટે એચ-1બી પિટિશન ફાઈલ કરવાની પ્રક્રિયા 1 એપ્રિલ, 2026થી શરૂ થશે, જેના માટે ઓછામાં ઓછો 90 દિવસનો સમય આપવામાં આવશે. આ વખતે પસંદગી પ્રક્રિયા 'વેજ-બેઝ્ડ મોડલ' (વધારે પગાર અને કૌશલ્ય આધારિત) તરફ વળી છે. એટલે કે પસંદગી પ્રક્રિયા વધારે પગાર અને ઉચ્ચ કૌશલ્ય ધરાવતા ઉમેદવારોને પ્રાથમિકતા આપશે, જેનો હેતુ સિસ્ટમનો દુરુપયોગ રોકવાનો અને શ્રમ બજારની જરૂરિયાતોને સંતોષવાનો છે. નોંધનીય છે કે, જો કોઈ નિયોક્તા અમેરિકાની બહારથી કામદારોને સ્પોન્સર કરે છે, તો કેટલાક કિસ્સાઓમાં 100,000 ડોલર (આશરે રૂપિયા 83.5 લાખ)નો મોટો ફી ઘટક પણ રજૂ કરવામાં આવ્યો છે, જેથી સ્થાનિક ભરતીને પ્રોત્સાહન મળે. અમેરિકી ટેક કંપનીઓ વિદેશી કામદારોની નિમણૂક માટે આ પ્રોગ્રામનો વ્યાપક ઉપયોગ કરે છે, જેમાં ભારતીય આઈટી પ્રોફેશનલ્સ અને ડોક્ટરો સૌથી મોટો હિસ્સો ધરાવે છે. કુલ ક્વોટામાં 65,000 નિયમિત વિઝા અને અમેરિકાની સંસ્થાઓમાંથી માસ્ટર્સ કે તેથી વધુ ડિગ્રી મેળવનાર માટે વધારાના 20,000 વિઝાનો સમાવેશ થાય છે. 'યુએસસીઆઈએસ'એ અરજદારોને રજીસ્ટ્રેશન વખતે રજૂ કરેલા પાસપોર્ટ અને વેતન સ્તરના પુરાવાઓ સાથે રાખવા તાકીદ કરી છે.